<u>ક્રિ. પ.અ.નં. ૧૨૩/૨૦૨૫</u>

## –:આંક :૧ હેઠળ હુકમ :–

(૧) આ કામના અરજદાર : મીનતાબેન તે હસમુખભાઈ ભલાભાઈ તરાલની પત્ની તે કલાભાઈ કોદરભાઈ ખાંટની દીકરી નાઓએ આ કામના સામાવાળા : હસમુખભાઈ ભલાભાઈ તરાલ વિગેરેનાઓ પાસેથી ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ અન્વયે પરચૂરણ ફોજદારી અરજી નં.૨૬૮/૨૦૨૪ ની દાખલ કરેલ જે અન્વયે કરવામાં આવેલ હુકમ અનુસાર અરજદારની ચડત ભરણપોષણની રકમ તથા અરજીના ખર્ચની રકમ તથા વળતરની રકમ વસુલ મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) હાલની અરજી મુજબ અરજદારે સામાવાળા નં. ૧ પાસેથી પરચૂરણ ફોજદારી અરજી નં.૨૬૮/૨૦૨૪ ની અરજીની તારીખ ૩૦/૧૨/૨૦૨૪ થી ભરણપોષણના માસીક રૂા. ૩૫૦૦/– તથા સામાવાળાઓ પાસેથી અરજીના ખર્ચના રૂા. ૫૦૦/– તથા વળતર પેટે રૂા. ૫૦૦૦/– મળી કુલ રૂા. ૩૩,૫૦૦/–ચૂકવી આપે અગર તેની હરકોઈ પ્રકારની જાત મિલકતમાંથી વસુલ લઈ અપવાવા અગર સામાવાળા નામદાર કોર્ટના હુકમનો અનાદર કરે તો શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૩) અરજી દાખલ થતાં સામાવાળાઓને આંક– ૪ વાળી નોટીસ કરતાં તેઓને સદર નોટીશ તેમના મોબાઈલ નંબર પર બજી ગયેલ છતા તેઓ હાજર થયેલ નથી. આમ, સામાવાળાઓને નોટીશ બજવા છતા કયારેય કોર્ટમાં હાજર રહેલ નથી.

(૪) અરજદાર પક્ષે વિ.વશ્રી.ને સાંભળ્યા. અરજદાર પક્ષે થયેલી રજુઆતો ધ્યાને લેતાં ફો.પ.અરજી નં. ૨૬૮/૨૦૨૪ ના કામે થયેલ હુકમ મુજબ

અરજદારને ભરણપોષણની, અરજીના ખર્ચની તથા વળતરની રકમ ચુકવવાની સામાવાળા નં ૧ ની ફરજ બને છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રીમીનલ રીવીજન અરજી નં. ૨/૦૮ ના કામે ઠરાવેલ છે કે, ભરણપોષણ હેઠળહુકમ કરવા માટે હકુમત ધરાવતા મેજીસ્ટ્રેટને ભરણપોષણની રકમ નહી ભરનારને ક્રી. પ્રો.કોડની કલમ–૧૨૫(૩) હેઠળ દરેક એક માસના ડીફોલ્ટ માટે ત્રીસ દિવસની કેદની સજા કરવાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં હાલના કેસમાં સામાવાળા નં ૧ હસમુખભાઈ ભલાભાઈ તરાલ નાઓએ અરજદારને ભરણપોષણ પેટે, અરજીના ખર્ચના તથા માનસીક યાચનાની કુલ રકમ રૂા. ૩૩,૫૦૦/–હાલની અરજી કર્યા સુધી હુકમ મુજબની કોઈ રકમ ચુકવી આપેલ નથી. એટલે કે ૮ માસની ચડેલ ભરણપોષણની રકમ અને અરજીના ખર્ચની રકમ તથા વળતરની રકમ ભરપાઈ કરવા માટે ડીફોલ્ટ થયેલ છે. સામાવાળા નં ૧ ની અરજદારનુ ભરણપોષણ કરવાની તથા અન્ય જરૂરીયાત પુરી કરવાની પણ જવાબદારી છે અને ભરણપોષણથી તેઓ વંચિત રહેલ છે અને સામાવાળા ભરણપોષણની તથા અન્ય હુકમ મુજબની રકમ ચુકવવામાં બેદરકાર રહેલ છે તેવા સંજોગોમાં સામાવાળા નં ૧ ની વર્તણુંક તથા ઉપરોકત કરેલ ચર્ચા તેમજ હાલના કેસના સંજોગો સાથે પરિસ્થિતિ ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રીમી. રીવીજન અરજી નં.૨/૨૦૦૮ ના કામે આપેલ ચુકાદો ધ્યાને લેતાં તથા બંને પક્ષેની રજુઆત ધ્યાને લઈ આ કામના સામાવાળા નં ૧ ને એક માસના કસુર બદલ દિન–૨૦ લેખે સજા કરવાનુ યોગ્ય અને ન્યાયી લાગતા નીચે મુજબનો હુકમ કરુ છુ.

**–// હુકમ //–**

૧. આ અરજીમાં જણાવ્યા મુજબ સામાવાળા નં ૧ રહસમુખભાઈ ભલાભાઈ તરાલનાઓએ અરજદારને તારીખ ૩૦/૧૨/૨૦૨૪ થી તા. ૨૯/૦૮/૨૦૨૫ સુધીના ભરણપોષણના માસીક રૂા. ૩૫૦૦/– લેખે ૮ માસના કુલ રૂા. ૨૮,૦૦૦/–તથા અરજીના ખર્ચના રૂા. ૫૦૦/– તથા વળતર પેટે રૂા. ૫૦૦૦/– મળી કુલ રૂા.૩૩,૫૦૦/–પુરા ચૂકવવામાં નિષ્ફળ જતાં તેઓને ચડેલ ભરણપોષણની તથા અરજીના ખર્ચના અને વળતરની રકમ ચૂકવવાનાં કસુર બદલ એક માસના દિન–૨૦ લેખે ૮– માસના કુલ–૧૬૦ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સામાવાળા વિરૂધ્ધ જેલ વોરંટ ઈસ્યુ કરવું.

૩. સદરહુ જેલ વોરંટની યોગ્ય અમલવારી કરી અત્રેની કોર્ટને રિપોર્ટ કરવા અંગેની સંબંધિત પોલીસ સ્ટેશનને ચાદી કરવી.

૪. જો સામાવાળા નં ૧ બાકી ચડત ભરણપોષણની રકમ તથા અરજીના ખર્ચની રકમ કે વળતરની રકમ અરજદારને ચૂકવી આપે તો તેને સત્વરે મુકત કરવો અને તેની જાણ અત્રેની અદાલતને ત્વરીત કરવી. તે સંબંધે જેલરશ્રીને અલગથી યાદી કરવી.

હુકમ આજ તારીખ : ૨૨ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી– સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : મેઘરજ
તા.૨૨ /૦૪/૨૦૨૬

(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)
એડીશનલ સીવીલ જજ અને
જયુ.મેજી.ફ.ક., મેઘરજ
જીજે૦૧૪૦૮